# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-08-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – રાષ્ટ્ર સંબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધન સાંજે ૭ વાગ્યાથી આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત થશે અને દૂરદર્શનની બધી ચેનલો પર હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનું પ્રસારણ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી રાત્રે ૯:૩૦ વાગ્યે તેના સંબંધિત પ્રાદેશિક નેટવર્ક પર પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે.

**---------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી – સ્વતંત્રતા દિવસ નેતૃત્વ

આવતીકાલે દેશનો 79મો સ્વતંત્રતા દિવસ પૂરા ઉત્સાહ અને દેશભક્તિના ઉત્સાહ સાથે ઉજવવા માટે દેશ સજ્જ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15મી ઓગષ્ટે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરશે. તેઓ રાષ્ટ્રધ્વજ ફરકાવશે અને પ્રતિષ્ઠિત સ્મારકના પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધન કરશે.

આ પ્રસંગે 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 210 પંચાયત નેતાઓ આતવીકાલે નવી દિલ્હીમાં ખાસ મહેમાનો તરીકે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.

**---------------------------------------------------------------------------------------**

## રાજ્યકક્ષાની ઉજવણી –પોરબંદર

આવતીકાલે સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પોરબંદર ખાતે કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી મહેસાણા ખાતે ધ્વજવંદન કરશે. રાજ્ય મંત્રી મંડળના સભ્યો અને જિલ્લા કલેક્ટર વિવિધ જિલ્લા મથકોએ ઉજવણીમાં ભાગ લેશે.

---------------------------------------------------------------------------------------------

## ભચાઉ – જિલ્લાકક્ષાની ઉજવણી

આવતીકાલે  સ્વાતંત્રય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી  ભચાઉ ખાતે થવાની છે ઉજવણી અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ગઈકાલે  ઉજવણીનું રીહર્સલ કરવામાં આવ્યું હતું. આ રિહર્સલ દરમિયાન જિલ્લા કલકેટર આનંદ પટેલે ધ્વજવંદન કરીને તિરંગાને સલામી આપી હતી.  જિલ્લા કલેકટરે નિયત પ્રોટોકોલ મુજબ  જિલ્લાકક્ષાની ઉજવણી સબંધીત વિભાગના તમામ અધિકારીઓને સૂચનાઓ આપી જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કચ્છના નાગરીકોને સહભાગી થવા અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------------------

## સ્વાતંત્ર્યપર્વ – પંચાયત પ્રતિનિધિ

આવતીકાલે નવી દિલ્હીમાં યોજાનાર સ્વતંત્રતા દિવસ સમારોહમાં 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 210 પંચાયત પ્રતિનિધિઓ ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. વિશેષ અતિથિઓમાં ગુજરાતના એક મહિલા સહિત 3 સરપંચોનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી આમંત્રણ આપવામાં આવેલા ત્રણેય સરપંચોએ પોતાના ગામમાં સ્વચ્છતા અને વિવિધ વિકાસલક્ષી કાર્યોને સાકાર કરી તેમણે “મોડેલ વિલેજ ઓફ રૂરલ ડેવલપમેન્ટ”નું સન્માન મેળવ્યું છે. અંજાર તાલુકાના ભીમાસર ગામના સરપંચ ડાઇબેન હુંબલ, નવસારી જિલ્લાનાં જલાલપુર તાલુકાનાં સુલતાનપુર ગામના સરપંચ શશિકાંત પટેલ અને ભરૂચ જિલ્લાનાં વાગરા તાલુકાના અખોડ ગામનાં સરપંચ નરેન્દ્રસિંહ સોલંકીનો વિશેષ અતિથિઓમાં સમાવેશ થાય છે.

(બાઇટ : ડાઇબેન હુંબલ)

---

## ભુજ – જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા

કચ્છમાં જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા આજે સવારે ૮ વાગ્યે જ્યુબિલી ગ્રાઉન્ડથી કચ્છમિત્ર સર્કલ, બસ સ્ટેન્ડ, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ સુધી યોજાશે. આ વર્ષે હર ઘર તિરંગા-૨૦૨૫ કાર્યક્રમની ઉજવણીની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ" રાખવામાં આવી છે. કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભુજ ખાતે આયોજિત તિરંગા યાત્રામાં સરકારના વિવિધ વિભાગો, સેવાભાવી સંસ્થાઓ, ડીફેન્સની વિવિધ પાંખ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

ભુજ સહિત તાલુકાકક્ષાએ આયોજિત તિરંગા યાત્રામાં નાગરિકોને મોટી સંખ્યામાં હાજરી આપવા કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા અનુરોધ કરાયો છે.

---

## મુખ્યમંત્રી – તિરંગાયાત્રા

રાજયભરમાં હરઘર તિરંગા અભિયાન હેઠળ ત્રિરંગા યાત્રા યોજાઇ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે અમદાવાદમાં મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી ત્રિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવ આ યાત્રામાં જોડાયા હતા.

---

## કચ્છ કલેક્ટર – તિરંગા યાત્રા

"હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્યમાં હાલમાં ઉત્સાહભેર વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલના

માર્ગદર્શન હેઠળ કચ્છમાં સ્વતંત્રતા સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા અભિયાન હેઠળ પલાસવામાં, સરહદી વિસ્તાર ધોરડો તથા બી.બી.એમ. હાઇસ્કૂલ, બિદડા ખાતે તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. આ અભિયાન અન્વયે રાપર નગરપાલિકા દ્વારા તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------